ॐ


રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ-ગુજરાત પ્રાંત

ડૉ.હેડગેવાર ભવન, બળિયાકાકા માર્ગ, કાંકરીયા, કર્ણાવતી - ૩૮૦૦૨૮

દુરભાષ : ૦૭૯ - ૨૫૪૩૩૧૩૧, ૨૫૪૩૪૧૩૨


---

# પ્રાંત ઘોષ વર્ગ (સંશોધિત પરિપત્ર)

તિથિ - વૈશાખ વદ ૧

દિનાંક ૧૩/૦૫/૨૦૨૫

સસ્નેહ નમસ્કાર,

આપ સૌ કુશળ હશો. આપણા ગુજરાત પ્રાંતમાં ઘોષ કાર્યના વિકાસ માટે દર વર્ષે ઘોષ પ્રશિક્ષણ વર્ગનું આયોજન થાય છે. દરેક જીલ્લામાં બધા વાદ્ય વિષયના શિક્ષક મળી રહે અને ઘોષ વાદકોની વૃધ્ધિ થાય તે હેતુથી ઘોષ વર્ગનું આયોજન કરવામા આવેલ છે. જેની માહિતી નીચે મુજબ છે. આપ આ વર્ગમાં અપેક્ષિત છો. અવશ્ય ઉપસ્થિત રહેશો.

## ઘોષ વર્ગ

**સમયાવધિ:** યુગાબ્દ ૫૧૨૭, વૈશાખ વદ ૪ થી જેઠ સુદ ૫ સુધી,

દિનાંક ૧૬, મે -૨૦૨૫, શુક્રવારના રોજ બપોર ભોજન સુધી વર્ગ સ્થાન પર પહોચવું.

દિનાંક ૩૧, મે-૨૦૨૫, શનિવારના રોજ પ્રભાત સંઘસ્થાન પછી પરત જઈ શકાશે.

**તાલ વાદક વર્ગ-**દિનાંક ૨૭,મે ૨૦૨૫ રાત્રી સુધી પહોચવુ અને ૩૦, મે રાત્રી ૮ કલાક બાદ વર્ગ પુર્ણ થશે.

**અપેક્ષિત વેશ :-** ગણવેશ

**વર્ગસ્થાન :-** બ્રાઇટ-વાસુ ઇન્ટરનેશનલ સ્કુલ, લુબી શો રૂમની પાસે, કરાઇ ગામ, રિંગરોડ, કર્ણાવતી.

**શુલ્ક :-** રૂ.૫૦૦/- (વિદ્યાર્થી), રૂ.૭૦૦/-(વ્યવસાયી), તાલ વાદક માટે રૂ.૧૦૦/-

**અપેક્ષિત :-**

- ન્યુનતમ આયુ ૧૩ વર્ષ પુર્ણ, તાલ વાદક માટે ૧૭ વર્ષ પુર્ણ.
- પોતાના વાધ્યમાં ન્યુનતમ ૧ રચના આવડવી જરૂરી.
- કોઇ પણ સ્તરની જવાબદારી હોવી જોઇએ.
- કોઇ શિક્ષા વર્ગમાં અપેક્ષિત નથી તેવા વાદક.
- તાલ વર્ગ માટે દરેક વિભાગમાંથી ઝલ્લરી, ત્રિભુજ, પણવના ૧-૧-૧ એમ મળી કુલ ૩ વાદક અપેક્ષિત.

**નોંધ :-ઘોષ વર્ગના સ્થાન ઉપર પહોચવા માટે યાતાયાત સંબંધિત સૂચનાઓ**

- લાલદરવાજા થી બસ નં ૧૧૧/૨ મળશે. સોમેશ્વર મહાદેવ ઉતરવું.
- રાયપુર, સારંગપુર અનેકાલુપુર થી બસ નં ૧૬ મળશે સોમેશ્વર મહાદેવ ઉતરવું.
- અસલાલી રિંગ રોડ થી નાના ચિલોડા બસ નં.રિંગ-૧ મળશે જેમાં નાના ચિલોડા રિંગ રોડ ઉતરવું. જયાંથી આશરે ૫૦૦ મીટરના અંતરે છે.

યાતાયાત સંપર્ક સુત્ર : શ્રી પ્રતિકભાઇ દિક્ષિત-૯૭૧૪૫૫૫૫૬૬

ભવદીય,

શૈલેષ પટેલ
(પ્રાંત કાર્યવાહ)

: : **અન્ય સુચનાઓ** : :

ગણવેશની પુર્તતા પોતાના સ્થાન પરથી કરીને આવવું.

- શંખ, આનક, વેણુ, સારીકા, આનક પટ્ટો, અને ઘોષ તરંગ પુસ્તિકા પોતાના સ્થાન પરથી જ લઇને આવવુ.
- તાલ વાદકોએ પણવ, તાલક, પટ્ટો, ઝલ્લરી અને ત્રિભુજ, પોતાના સ્થાન પરથી લઇને આવવુ.
- વાધ્ય ચમકાવવાની પોલિશ,બુટ પોલિશ અનેશંખ ની રશ્મિ સાથે લાવવી.
- શૃંગ વાદ્ય શિખવા ઇચ્છતા વાદકોએ શૃંગ વાદ્ય પોતાના સ્થાન પરથી જ લઈને આવવુ.
- થાળી, વાડકો, પ્યાલો, ચમચી, ઓઢવા-પાથરવાનુ, દાઢીનો સામાન, નોટ-પેન, લંગોટ તથા દૈનંદિન જરૂરીયાત માટેની વસ્તુઓ સાથે લાવવી.
- કોઇપણ કિમતી સામાન પોતાની સાથે લાવવો નહિ.
- પ્રાથમિક પાઠનો અભ્યાસ કરીને આવવુ.
- ગણવેશ ઉપરાંત સંઘ સ્થાન માટે એક જોડી ચડ્ડી અને શર્ટ/ટી શર્ટ સાથે લાવવી